# સારાંશ

## ટોરેન્ટ પાવર લિમીટેડ જનરેશન અમદાવાદ પાવર પ્લાન્ટ

## કેસ નંબર. ૧૮૪૩/૨૦૧૯

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ, ટીપીએલ-જી (એપીપી)એ આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાંણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ નફા/નુકશાનની વહેંચણી
2. નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના દર નિર્ધારણ કરવા માટે

### નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુ અપઃ

૧.૨ માનનીય કમીશને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે અમદાવાદ માં આવેલ વીજઉત્પાદન મથક (જે હવેથી ટીપીએલ-જી(એપીપી) તરીકે ઓળખાશે) ના એઆરઆરની મંજૂરી ૦૯ જુન ૨૦૧૭ ના (કેસ નંબર ૧૬૨૬/૨૦૧૬) એમવાયટી ઓર્ડર દ્વારા આપેલ છે. જે નાણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ ના અનુમાનો પર આધારીત હતા. એઆરઆરની મંજૂરી નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારીત હતી.

૧.૩ ટ્રુ અપ માટે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ નીં જોગવાઇઓ મુજબ ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમીશનના ૦૯ જુન ૨૦૧૭ ના (કેસ નંબર ૧૬૨૬/૨૦૧૬) એમવાયટી ઓર્ડરના આધારે અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-જી(એપીપી)એ એઆરઆરના ટ્રુ અપ માટે નીચેના માપદંડો ધ્યાનમાં લીધા છે.

1. બળતણની કિંમત અને કામકાજના માપદંડ જેવા કે પીએલએફ, એસએચઆર, ઓકઝીલરી કન્ઝમ્પશન, સેકન્ડરી ફયુલ કન્ઝમ્પશનના સંદર્ભમાં વેરીયેબલ ખર્ચમાં થયેલ બદલાવ.
2. ફીકસડ ખર્ચો જેવા કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો, ઇકવીટી પર મળતા વળતર, આવકવેરો અને નોન ટેરીફ આવકમાં થતો બદલાવ.
3. નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને નફા/નુકશાનની વહેંચણી.

૧.૫ ટીપીએલ-જી(એપીપી) એ ૮૭.૮૪% ના સરેરાશ પીએલએફ પર વીજ ઉત્પાદન કરેલ છે ટીપીએલ-જી(એપીપી) એ ૮૫% થી ઉપરના પીએલએફ ને ઇન્સેન્ટીવની ગણતરીમાં અને એઆરઆરમાં ધ્યાને લીધેલ છે.

૧.૬ ટીપીએલ-જી(એપીપી)એ માનનીય કમીશન દ્વારા મંજુર કરેલા કાર્યક્ષમતાના ઘટકો જાળવી રાખવા માટે ઉત્કૃષ્ટ પ્રયત્નો કરેલ છે. વેરીયેબલ ખર્ચમાં થયેલો ફેરફાર મુખ્યત્વે બળતણની

કીંમત, વપરાશ, મિશ્રણ અને કેલોરીફિક વેલ્યુમાં થયેલ ફેરફારને કારણે છે. તદ્ઉપરાંત, કાર્ય ક્ષમતાના માપદંડો જેવાકે સેકન્ડરી ફ્યુલ કન્ઝમ્પશન, ઓકઝીલરી કન્ઝમ્પશન અને સ્ટેશન હિટ રેટ જેવા નિયંત્રીત પરિબળોના ફેરફારના કારણે પણ છે.

૧.૭ ટીપીએલ-જી(એપીપી)એ નફા/નુકશાનની ગણતરી વાસ્તવમાં પ્રાપ્ત કરેલ કાર્યક્ષમતાના માપદંડોના આધારે અને ત્યાર બાદની નિપજને નફા/નુકશાનમાં વહેંચણી કરી છે. ટીપીએલ-જી(એપીપી)ને રુ.૧૧૮.૩૪ કરોડની ખોટ અનિયંત્રીત પરિબળોને અને રુ.પર.૩૪ કરોડનો નફો નિયંત્રીત પરિબળોને કારણે થયેલ છે. જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર રુ.૧૦૦.૮૯ કરોડ ટેરીફ તરીકે પાસ કરવા સુચીત કરેલ છે. ટીપીએલે માનનીય કમિશનને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન, ૨૦૧૬ મુજબ કામકાજના વાસ્તવિક માપદંડને અનુરૂપ વેરીયેબલ ખર્ચની ગણતરી, વાસ્તવિક ફિક્સ ખર્ચ, ૮૫ ટકાથી વધુના પીએલએફ માટે ઇન્સેન્ટીવ અને નફા/નુકશાનના ખર્ચાની વહેંચણી ધ્યાને લેવા માટે વિનંતી કરેલ છે. ટીપીએલએ માનનીય કમીશનને ઉપરોક્ત ગણતરીના આધારે ટીપીએલ-જી(એપીપી)ના ટ્રુ અપની મંજુરી માટે વિનંતી કરેલ છે.

૧.૮ ટ્રુઇંગ અપ કરેલ એઆરઆર નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**નાણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ટીપીએલ-જી(એપીપી)ના ટ્રુ-અપ કરેલ એઆરઆર**

| **રુ.કરોડમાં** | | |
|---|---|---|
| એમવાયટી મુજબ એઆરઆર | (એ) | ૧૦૮૮.૭૮ |
| અનિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (બી) | (૧૧૮.૩૪) |
| નિયંત્રીત પરિબળો ને કારણે નફો/(નુકશાન) | (સી) | પર.૩૪ |
| ટેરીફ તરીકે પાસ થશે | ડી=-(બી+૧/૩ સી) | ૧૦૦.૮૯ |
| ટ્રુ અપ એઆરઆર | ઇ= એ+ડી | ૧૧૮૯.૬૭ |

૧.૯ ટીપીએલએ માનનીય કમીશનને ઉપર દર્શાવેલ એઆરઆરને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૦ વધુમાં, માનનીય એપેલેટ ટ્રિબ્યુનલ ફોર ઇલેક્ટ્રિસિટીએ અપીલ નં ૨૫૭ ઓફ ૨૦૧૬ માં ચુકાદો આપેલ છે. તે અનુસાર, માનનીય કમીશને ૧૯મી ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ આ ચુકાદાના અમલીકરણ માટે પરિણામરૂપ ઓર્ડર કરેલ છે. તદાનુસાર, ટીપીએલએ માનનીય કમીશનને નાણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ ના એઆરઆર ના ટ્રુ-અપ ઉપરાંત માનનીય ટ્રિબ્યુનલના ચુકાદાના અમલીકરણ માટેના માનનીય કમીશનના પરિણામરૂપ ઓર્ડર મુજબ, નાણાકિય વર્ષ ૨૦૧૪-૧૫ થી નાણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ માટેના, રુ.૨૩.૦૯ કરોડના વ્યાજ ખર્ચની વસૂલાત ટીપીએલ-ડી (એ) અને ટીપીએલ-ડી (એસ) પાસેથી કરવાની મંજૂરી આપવા વિનંતી કરેલ છે.

૧.૧૧ ટીપીએલએ માનનીય કમીશનને કાયદામાં ફેરફાર અંતર્ગત, જેના કારણો અને કર્મચારી ખર્ચ પરની અસરો અરજીમાં વિસ્તૃત કરેલ છે, નાણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ માટેના રુ.૫.૮૬ કરોડની

વસૂલાત ટીપીએલ-ડી (એ) અને ટીપીએલ-ડી (એસ) પાસેથી કરવાની મંજૂરી આપવા વિનંતી કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના એઆરઆર :**

૧.૧૨ માનનીય કમીશને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે એઆરઆરની મંજૂરી ૨૪ એપ્રિલ ૨૦૧૯ ના (કેસ નંબર ૧૭૬૩/૨૦૧૮) ઓર્ડર દ્વારા આપેલ છે. તે મુજબ, ટીપીએલે નીચે દર્શાવેલ કોષ્ટક અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના એઆરઆર ધ્યાને લીધેલ છે.

**ટીપીએલ-જી(એપીપી) ના નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના એઆરઆર**

| રૂ. કરોડમાં | એમટીઆર ઓર્ડર |
|---|---|
| વેરીયેબલ ખર્ચ | ૮૧૭.૭૦ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૧૮૯.૯૪ |
| પાણીના ખર્ચ | ૧૩.૭૦ |
| માલ-મિલકતની કિંમતમાં થયેલ ઘસારો | ૫૧.૦૩ |
| વ્યાજ ખર્ચ | - |
| કાર્યકારી મૂડી નો વ્યાજ ખર્ચ | ૧૩.૨૭ |
| ઇક્વીટી પર મળવાપાત્ર વળતર | ૬૩.૭૩ |
| આવકવેરો | ૧૫.૩૪ |
| બાદ - નોન ટેરીફ આવક | ૧૭.૪૩ |
| **એઆરઆર** | **૧૧૪૭.૨૭** |

દાદ :

૧.૧૩ ટીપીએલ-જી(એપીપી)એ હાલની અરજી માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના ટ્રુઇંગ અપ અને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે અમદાવાદના વીજ ઉત્પાદનના કારોબાર માટેના દર નિર્ધારણ માટે કરેલ છે.

૧.૧૪ હકીકતો અને સંજોગોને આધારે, ટીપીએલએ માનનીય કમીશનને નીચે મુજબ અરજ કરેલ છે:

એ) નાંણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટ્રુઇંગ અપ અને નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના દર નક્કી કરવા માટેની પીટીશનની સ્વીકૃતી.

બી) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના ટ્રુઇંગ અપ એઆરઆરની મંજુરી.

સી) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના ટીપીએલ-જી(એપીપી) દ્વારા પ્રસ્તાવિત નફા/નુકશાનની વહેંચણીની મંજુરી.

ડી) અરજદાર દ્વારા માનનીય ટ્રીબ્યુનલમાં કરેલી અરજીઓના નિર્ણયો અનુસાર ખર્ચાઓની વસુલાત માટેની મંજુરી.

ઇ) કાયદામા ફેરફાર અંતૅગત વર્તમાન પિટિશનમાં પ્રસ્તાવિત કરેલ ખર્ચ ની વસુલાત માટેની મંજુરી.

એફ) ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

જી) અરજી કરનારને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જરૂરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

એચ) માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશની વિનંતિ

આઇ) કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*